# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established Under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

**Ref. : જીટીયુ/SEB/૨૦૧૫/૫૭૫૮** **Date : 09/06/2015**

**વંચાણે લીધાં : ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની તા. ૨૧/૫/૨૦૧૫ ની નોંધ**

## પરિપત્ર :

આથી સંલગ્ન તમામ સંસ્થા/કોલેજોને જણાવવામાં આવે છે કે, વર્ષ ૨૦૧૫-૧૬ માટે અત્રેની કચેરી દ્વારા એફિલીએશનની અરજીઓ જુદી જુદી કોલેજો પાસેથી મંગાવવામાં આવેલ. જેમાં સંસ્થાઓ ખાતેના ફેકલ્ટી ડેટાની ઉપલબ્ધતા રહે તે માટે પરીક્ષા વિભાગના એડમીશન પોર્ટલ પર સંસ્થાઓ સ્તરેથી ફેકલ્ટી સંબંધિત આવશ્યક માહિતી મંગાવી તેને એફિલીએશનના ફોર્મમાં ઈમ્પોર્ટ કરાવવામાં આવેલ. જેમાં નીચેના કારણોસર એક જ ફેકલ્ટીના નામ એક કરતાં વધુ વખત હોવાનું જણાયેલ છે. જેથી, ફેકલ્ટીઓનો વાસ્તવિક ડેટા ઉપલબ્ધ થઈ શકતો નથી.

- UG અને PG માં અલગ અલગ નામ દર્શાવવાથી
- અલગ અલગ એક કરતાં વધુ વખત એન્ટ્રી કરેલ હોવાથી
- અલગ અલગ સંસ્થાઓમાં નામ દર્શાવવાથી
- વીઝીટીંગ તરીકે એક કરતાં વધુ સંસ્થાઓમાં નામ દર્શાવવાથી
- ડિગ્રી અને ડિપ્લોમા બંને કોલેજોમાં નામ દર્શાવેલ હોવાથી
- ફેકલ્ટીએ ફરજમુક્ત થયેલ હોવા છતાં પણ ફેકલ્ટી તરીકે દર્શાવેલ છે.

આથી, વંચાણે લીધેલ નોંધ ઉપર માન. કુલપતિશ્રીની મળેલ મંજૂરી અન્વયે અત્રેની વેબસાઈટ ઉપર એડમીન પેનલ ઉપર તા. ૨૧/૬/૨૦૧૫ સુધીમાં આપની કોલેજ ખાતેના હાલમાં કાર્યરત તમામ ફેકલ્ટીના ડેટા વેરીફાઈ કરી વાસ્તવિક ડેટા પૂરો પાડવાનો રહેશે. તે માટે જે ફેકલ્ટી એક કરતાં વધુ વખત દર્શાવેલ હોય તેમજ સુસંગત ન હોય તેને રદ કરવાના રહેશે. ડેટા એન્ટ્રી પૂર્ણ થયેથી ફેકલ્ટીના ડેટાની પ્રિન્ટ કાઢી તેના દરેક પાના ઉપર આચાર્યશ્રીના સહી-સિક્કા સહિતની હાર્ડકૉપીમાં પણ દિન-૭ માં અત્રેની કચેરી ખાતે અચૂક પૂરી પાડવાની રહેશે.

કોઈપણ સંસ્થા/કોલેજ તરફથી મોકલવામાં આવેલ હાર્ડ કૉપી/સોફ્ટ કૉપીમાં દર્શાવેલ માહિતી સંદર્ભે કસૂરવાર ઠરશે તો, યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનાર શિક્ષાત્મક પગલાંની જવાબદારી જે તે સંસ્થા/કોલેજ તેમજ તેના આચાર્યશ્રીની અંગત રહેશે, જેની નોંધ લેશો.

**S/d**
**કા. કુલસચિવ**

**પ્રતિ,**

(૧) તમામ આચાર્ય/ટ્રસ્ટીશ્રી (જી.ટી.યુ. સંલગ્ન કોલેજ/સંસ્થા)તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) પી.એ./પી.એસ. ટુ માન. કુલપતિશ્રી
(૩) પી.એ. ટુ કુલસચિવશ્રી
(૪) શાખા ફાઈલ (એફિલીએશન)